# ઘરે બેઠા મહાકુંભનાં સ્નાનનું પુણ્ય મળે એ માટેની ચમત્કારિક ગુરૂચાવી

**- ૐ ઋષિ પ્રિતેશભાઇ**

દર બાર વર્ષે યોજાતા પૂર્ણકુંભ કે મહાકુંભ મેળાનું મહત્વ પ્રાચીનકાળથી પ્રસ્થાપિત થયેલું છે. લગભગ અઢી માસ સુધી ચાલતા આ કુંભમેળામાં ઉત્તરાયણ, પોષી પૂ
નમ જેવા તહેવારોમાં સ્નાનનો વિશેષ મહિમા હોય છે. પ્રયાગમાં અત્યારે ચાલી રહેલા કુંભમેળામાં પણ સ્નાનનો વિશેષ મહિમા છે.

પ્રયાગને તીર્થરાજ કહેવામાં આવે છે. કુંભમેળા સમયે જો પ્રયાગમાં ત્રિકાલ એટલે કે પ્રાતઃ, મધ્યાહ્ન અને સાયં એટલે કે સાંજે એમ ત્રણ વાર સ્નાન કરવાથી પૃથ્વી ઉપર એક હજાર અશ્વમેધ યજ્ઞ કરવા જેટલું પુણ્ય મળે છે.

એક સમયે દેવો અને અસુરોએ ભેગા મળીને સમુદ્રમંથન કર્યુ અને તેમાંથી 14 રત્નો નીકળ્યા. જેમાં ઐરાવત હાથી, કલ્પવૃક્ષ, કૌસ્તુભમણી, ઉચ્ચશ્રવા નામનો અશ્વ, ચંદ્રમા, ધનુષ્ય, કામધેનુ (ગાય), રંભા, લક્ષ્મી, વારૂણી અને છેલ્લે અમૃતકુંભ લઇને ધનવંતરી સમુદ્રમંથન દ્વારા પ્રાપ્ત થયા. પૌરાણિક કથા અનુસાર ઇન્દ્રયો પુત્ર જયંત અમૃતકુંભ લઇને ભાગી ગયો. શુક્રાચાર્યની આજ્ઞાથી અસુરો કળશ લેવા તેની પાછળ દોડ્યા. દૈત્યાએ જયંતને ઘેરી લીધો. આથી દેવો અને દાનવો વચ્ચે 12 દિવસ સુધી યુદ્ધ ચાલ્યું. ભગવાન વિષ્ણુએ મોહિનીરૂપ ધારણ કરીને કળશ પોતાની પાસે લઇ લીધો અને બધુ અમૃત દેવોને પીવડાવી દીધું. આથી દેવો અમર બની ગયા.

આ લડાઇ દરમ્યાન જે ચાર સ્થળે તેના છાંટા પડ્યા હતા તે ચાર સ્થળે દર બાર વર્ષે મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. આ યુદ્ધ બાર દિવસ ચાલ્યુ હતું. દેવોનાં બાર દિવસ મનુષ્યનાં બાર વર્ષ બરાબર ગણાય છે. આથી દર બાર વર્ષે હરિદ્વાર, પ્રયાગરાજ, નાસિક અને ઉજ્જૈન ખાતે મહાકુંભનું આયોજન થાય છે. જે લગભગ અઢી મહિના સુધી ચાલે છે.

સમગ્ર જગતનો આધાર ધર્મ છે. સમગ્ર માનવ સમાજને એક સૂત્રમાં બાંધી રાખવાનું કામ ધર્મ કરે છે. આ ધર્મચક્રમાં પ્રવર્તન માટે મહાકુંભમેળાનું આયોજન થાય છે. કુંભનો અર્થ છે – ઘડો. અમૃતકુંભનાં પ્રતિકરૂપે યોજાતા આ કુંભમેળામાં સ્નાન કરવાનું વિશેષ મહત્વ બતાવવામાં આવ્યું છે. કુંભને બ્રહ્માંડનું પ્રતિક પણ માનવામાં આવે છે. આથી કુંભમેળાને પણ ધાર્મિક આસ્થા સાથે જોડી દેવામાં આવ્યો છે.

કુંભપર્વમાં જાતિ, ધર્મ, સંપ્રદાય, ભાષા, રાજ્ય, સંસ્કૃતિ, સાહિત્ય, દર્શનશાસ્ત્રો, વેશભૂષા કે અન્ય રીતિ-રિવાજોનો કોઇ ભેદભાવ નથી. તમામ વર્ગ અને સંપ્રદાયનાં લોકો હોંશપૂર્વક આ મહાકુંભનાં દર્શને આવે છે અને અનેકતામાં એકતાનાં દર્શન

એવું કહેવાય છે કે કુંભ સ્નાનનો મહિમા હજારો વર્ષથી ચાલ્યો આવે છે. એક જમાનામાં સમ્રાટ હર્ષવર્ધન તેના મંત્રીઓ અને પોતાના આશ્રિત રાજાઓનાં સમૂહ સાથે કુંભમેળાના દર્શને આવતો હતો. તેની સાથે વલ્લભીનાં રાજા અને કામરૂપનાં રાજકુમાર પણ કુંભ મેળામાં સ્નાન કરવા આવતા. આ સમ્રાટોની સાથે તેમની સેના પણ આવતી અને પ્રયાગની ચારેબાજુ સૈન્યના તંબુઓ તાણવામાં આવતા હતા. સેકંડો, હજારો વર્ષ પછી કુંભનો મેળો વિશ્વનો સૌથી મોટો ધાર્મિક મેળાવડો હોવાનું માન ધરાવે છે.

આદ્ય શંકરાચાર્ય મહારાજે સ્થાપેલા અખાડાનાં સાધુઓ આ મેળામાં આગવુ આકર્ષણ જમાવે છે. દિગંબર સાધુઓ અને જુદા જુદા અખાડાઓનાં હજારો સાધુઓ જયઘોષ સાથે હારબંધ કતારમાં સ્નાન કરવા આવે તે સમયનું દ્રશ્ય અદ્દભૂત હોય છે.

મહાકુંભ મેળાની તૈયારીઓમાં જુદા જુદા અખાડા અને સંપ્રદાયનાં સાધુઓ પણ મહિનાઓ પૂર્વેથી તૈયારી કરતા હોય છે અને ભાવિક ભક્તોની સુવિધા માટે રહેવા-જમવાની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવે છે. આદ્ય શંકરાચાર્યજીએ સમગ્ર ભારતનું ભ્રમણ કરીને સંકુચિત વિચારસરણી ધરાવતા સ્થાનિક લોકોને સનાતન વૈવિક ધર્મની વિચારધારા સમજાવી અને પ્રાચીન પરંપરાઓને જીવંત રાખવા શરૂ કરાવેલી પરંપરાઓને વિશ્વનાં સૌથી મોટા અને સૌથી લાંબા દિવસો સુધી ચાલતા આ કુંભમેળાની આગવી વિશેષતાઓને કારણે કુંભમેળામાં વિદેશીઓની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે અને દક્ષિણમાં કન્યાકુમારીથી લઇને ઉત્તરમાં હિમાલયમાં વસતા દિગંબર સાધુ-બાવાઓ સુધીનાં લાખો સાધકો અને ભાવિકો કુંભમેળામાં સ્નાન કરવા મહિનાઓ અગાઉથી રાહ જોતા હોય છે.

દરરોજ હજારો નહીં લાખોની સંખ્યામાં આવતા શ્રદ્ધાળુઓ એકસાથે સ્નાન કરે છે અને તેમના ભોજનની વ્યવસ્થા સહિત તબીબી સહાય માટે પણ ખાનગી ટ્રસ્ટો અને અખાડાઓ તરફથી એટલે સુધી વ્યવસ્થા કરવામાં આવે છે કે તેના મેનેજમેન્ટની સફળતા અંગે વિદેશીઓ પણ અચરજ પામે છે.

વૈજ્ઞાનિક સંશોધનો દ્વારા પણ એ તથ્ય સ્વીકારવામાં આવ્યું છે કે સૂર્યમંડળનાં અન્ય ગ્રહો અને નક્ષત્રો દ્વારા આવતા પ્રકાશકિરણો પૃથ્વીનાં વાતાવરણ ઉપર અસર કરે છે અને તેનો પ્રભાવ જળ વાયુ ઉપર થાય છે. મહાકુંભનાં આયોજન સાથે ગ્રહ-નક્ષત્રોનું જોડાણ હોવાથી અમુક નિશ્ચિત તિથિ અને સમયે સ્નાન કરવાથી તેની વિશેષ અસર ભાવિકોના શરીરની સાથોસાથ તેમના મન ઉપર પણ પડે છે અને આ સમયમાં સ્નાન કરવાથી આયુર્વેદિક દ્રષ્ટિએ અને માનસિક સ્વસ્થતા માટે ખૂબ ઉપયોગી બને છે.

આજના જમાનામાં સમયનો અભાવ મુખ્ય કારણ છે. આથી ઇચ્છા હોય તો પણ ઘણા લોકો મહાકુંભ મેળામાં જઇ શકતા નથી. વળી યાત્રામાં મુશ્કેલી કે રીઝર્વેશન વગેરેની અગવડતાને કારણે પણ કેટલાક લોકો રૂબરૂ જઇ શકતા નથી. આપણે ત્યાં કહેવત છે કે મન ગંગા તો કથરોટ મેં ગંગા એ મુજબ જેઓની શ્રદ્ધા હોય પરંતુ કુંભમેળામાં જઇ શકાય તેમ ન હોય તેઓ કુંભમેળામાં સ્નાન કર્યાનું ફળ ઘરે બેઠા પણ લઇ શકે છે.

હવે હું આપને ઘરે બેઠા કુંભમેળાનું ફૂલ નહીં તો ફૂલની પાંખડી જેટલું પુણ્ય મળી શકે એ માટેની પ્રક્રિયા આપુ છું. આ પ્રક્રિયા આપને હું પવિત્ર સ્નાન કરવાની અને આપનાથી અજાણતા થતા પાપને ધોવાની પ્રક્રિયા આપી રહ્યો છું. સૌપ્રથમ સ્નાન કરવાના પાત્રમાં પાણી ભરી ગંગાજળનાં દસ ટીપા એ પાણીમાં નીચે આપેલો મંત્ર 45 વખત ગણી અને ૐ કાર ચાલીસા એક વાર વાંચન કરી અને પછી સ્નાન કરવું.

મંત્રઃ ॥ ૐ ગંગે સદાવરી સુવલામ ક્રુમ ક્રુમ કુરૂ કુરૂ સ્વાહા ॥

આ સ્નાન કરતી વખતે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું સ્મરણ કરી ગંગા, યમુના, સરસ્વતીનાં પવિત્ર જળને મનોમન ભક્તિપૂર્વક શુદ્ધભાવનાથી આપ સ્નાન કરી રહ્યા છો એવો ભાવ મનમાં કરી આપ સ્નાન કરજો. શ્રદ્ધાપૂર્વક ઘરે બેઠા પણ ભક્તિભાવથી પ્રયાગરાજ, ત્રિવેણી સંગમ અને યમુના મહારાણીનાં ગંગાજીમાં સ્નાન કરવાનું આપને પુણ્ય મળે એવી મારી ઇશ્વરને પ્રાર્થના છે.

।। ૐ નમઃ ।।